# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા 5 જૂન, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક સાથે કરવામાં આવી.

પ્રખ્યાત અભિનેતા આર્જવ ત્રિવેદી અને ગ્રીન ડ્રીમ દ્વારા 5 જૂન 5000+ વૃક્ષારોપણના સંકલ્પમાં જોડાવા માટેનો પત્ર યુનિવર્સિટીને પાઠવેલ, જે યુનિવર્સિટીએ ઉત્સાહભેર વધાવી લઇ આ સંકલ્પને પૂરો કરવા યુનિવર્સિટીએ વિવિધ અભ્યાસકેન્દ્રો અને વિદ્યાર્થીઓ સુધી પોતાના ઘરના પરિસર કે આંગણમાં વૃક્ષારોપણ કરવાની પહેલ કરી.

આ ઉપક્રમે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય, નિયામકશ્રી (SS) ડૉ. આવા શુક્લા, અભિનેતા આર્જવ ત્રિવેદી અને ગ્રીન ડ્રીમ્સની ટીમ, નિયામકશ્રીઓ, અધ્યાપકગણ અને પરિવારજનો સાથે યુનિવર્સિટી કેમ્પસમાં વૃક્ષારોપણ કરી ગ્રીન ડ્રીમ્સના 5 જૂન સુધી 5000+ વૃક્ષારોપણના સંકલ્પ અને 5 જૂન, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

ઉપરોક્ત કાર્યક્રમનું સફળ આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. અમી ઉપાધ્યાય અને ડૉ. આવા શુક્લાના માર્ગદર્શન હેઠળ Extension Activity દ્વારા કરવામાં આવ્યું.





